# કોકેઈન અને ક્રેક

## વિશેની હકીકતો

## The facts about
## Cocaine and Crack

FRANK
0800 77 66 00
આ નંબર ઉપર તમારી ભાષામાં
વાત કરી શકતાં લોકો મળી શકશે.
www.talktofrank.com

DrugScope
020 7928 1211
www.drugscope.org.uk

For additional copies, please
contact Prolog on 0870 2414680

Produced by the FRANK campaign in association
with DrugScope and funded by the Home Office.

BMECOMSG2

Gujarati

## કોકેઈન અને ક્રેકથી લોકોને શું થાય છે?

આ ડ્રગ્સ લોકોને વધારે ચેતન અને આત્મવિશ્વાસ આપે છે. આ અસર થોડી મિનિટો સુધી જ રહે છે. આ અસર ચાલુ રાખવા માટે, લોકોએ વધારે કોકેઈન અને ક્રેક લેવું પડે છે. ખૂબ વધારે પ્રમાણમાં કોકેઈન અથવા ક્રેક લેતી વ્યક્તિ અઠવાડિયાના £400 સુધીની રકમ તેની પાછળ ખર્ચી શકે છે.

**કોકેઈન અને ક્રેકથી વ્યક્તિને:**

- કારણ વગર ચિંતા થયા કરે છે;
- એવું લાગ્યા કરે છે કે બીજાં લોકો તેને ઈજા કરવા માગે છે કે તેને પસંદ કરતાં નથી;
- દરેક જણ પોતાની વિરુદ્ધ છે એવું લાગે છે;
- આ ડ્રગ્સ લીધા વગર દિવસ પસાર કરી શકાતો નથી.

**કોકેઈન અને ક્રેકથી આ પણ થઈ શકે છે:**

- હૃદયની ગંભીર તકલીફો;
- નાકને નુક્સાન (જો વ્યક્તિ કોકેઈન સૂંઘીને લેતી હોય તો);
- ફેફસાંની તકલીફો (જો વ્યક્તિ ધૂમ્રપાનમાં ક્રેક લેતી હોય તો);
- લોકો પાતળા અને બીમાર જેવાં દેખાય છે;
- જો તે ઈન્જેક્શનથી લેવામાં આવે તો લોહીમાં ઝેર ફેલાવું, એચઆઈવી/એઈડ્સ અને હેપેટાઈટીસ.

**કોકેઈન અને ક્રેક કેવા દેખાય છે?**

કોકેઈન સફેદ રંગનો પાવડર હોય છે. ક્રેક એક એક સૂકેલી દ્રાક્ષ જેટલા કદના નાના સફેદ પથ્થર જેવું હોય છે.

**લોકો કોકેઈન અને ક્રેક કેવી રીતે લે છે?**

કોકેઈન નાક વાટે સૂંઘીને લેવામાં આવે છે. ક્રેક ધૂમ્રપાન કરીને લેવાય છે. બંને ડ્રગ્સ સોય અને સીરિંજ વડે ઈન્જેક્ટ કરી શકાય છે. જો વ્યક્તિ કોકેઈન અથવા ક્રેક ઈજેન્કટ કરીને લેતી હોય તો તેનો ‘ઓવરડોઝ’ થવાની (તે બહુ વધારે પડતું લઈ લેવાની) શક્યતા વધે છે.

**કોકેઈન અને ક્રેકનાં બીજાં નામો**

કોકેઈનને ‘ચાર્લિ’, ‘કોક’ અને ‘સ્નો’ પણ કહેવાય છે. ક્રેક એ કોકેઈનનો જ એક પ્રકાર છે. તેને ‘સ્ટોન’, ‘વૉશ’ અને ‘રૉક’ પણ કહેવાય છે.

**કોકેઈન અને ક્રેકની કિંમત કેટલી હોય છે?**

કોકેઈનની કિંમત એક ગ્રામના £40–£80 જેટલી હોય છે. ક્રેકની કિંમત એક ‘રૉક’ના લગભગ £20 જેટલી હોય છે, પણ કેટલીકવાર તેને નાના નાના ટુકડાઓમાં તોડી શકાય છે.

**તે કાનૂની છે?**

ના. તમારી પાસે (દાખલા તરીકે તમારા ખિસ્સામાં) કે તમારા ઘરમાં કોકેઈન કે ક્રેક હોવાનું કાયદા વિરુદ્ધ છે. કોકેઈન કે ક્રેક કોઈને વેચવાનું કે કોઈને એટલે કે મિત્રોને પણ આપવાનું ગેરકાનૂની છે.

**What do cocaine and crack do to people?**

These drugs give people more energy and confidence. These effects only last for a few minutes. To keep the effects, people have to take more cocaine or crack. A person who takes a lot of cocaine or crack could spend £400 a week.

**Cocaine and crack can make a person:**

- worried for no reason;
- think other people want to hurt them or don’t like them;
- think everyone is against them;
- unable to get through the day without these drugs.

**Cocaine and crack can also cause:**

- serious heart problems;
- damage to the nose (if a person sniffs cocaine);
- lung problems (if a person smokes crack);
- people to look thin and ill;
- blood poisoning, HIV/AIDS and hepatitis if people inject them.

**What do cocaine and crack look like?**

Cocaine is a white powder. Crack is a small white stone about the size of a raisin.

**How do people take cocaine and crack?**

Cocaine is sniffed up the nose. Crack is smoked. Both drugs can be injected with a needle and syringe. If a person injects cocaine or crack, they are more likely to ‘overdose’ (take too much).

**Other names for cocaine and crack**

Cocaine is also called charlie, coke and snow. Crack is another type of cocaine. It is also called stone, wash and rock.

**How much do cocaine and crack cost?**

Cocaine costs about £40–£80 for a gram. Crack costs about £20 for a rock but sometimes this can be cut into smaller parts.

**Are they legal?**

No. It is against the law to have cocaine or crack on you (for example, in your pockets) or in your house. It is also illegal to sell or give cocaine and crack to anyone, even friends.